# Phone call between Prime Minister Shri Narendra Modi and H.E. Dr. Thongloun Sisoulith, Prime Minister of Lao People’s Democratic Republic

June 12, 2020

## વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને પીપલ્સ ડેમોક્રેટિક રીપબ્લિક લાઓસનાં વડાપ્રધાન મહામહિમ ડૉ. થોન્ગલોન સિસોલિથ વચ્ચે ફોન પર વાતચીત

જૂન 12, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પીપલ્સ ડેમોક્રેટિક રીપબ્લિક લાઓસનાં વડાપ્રધાન મહામહિમ ડૉ. થોન્ગલોન સિસોલિથ સાથે ફોન પર વાત કરી હતી.

બન્ને નેતાઓએ વૈશ્વિક કોવિડ-19 મહામારીથી ઉભા થયેલા આરોગ્યનાં અને આર્થિક પડકારો પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું. લાઓસમાં મહામારીનાં ફેલાવાને નિયંત્રણમાં લાવવા લાઓસ પીપલ્સ ડેમોક્રેટિક રીપબ્લિક દ્વારા હાથ ધરવામાં આવેલા અસરકારક પગલાઓની પ્રશંસા કરી હતી.

બન્ને નેતાઓ કોવિડ-બાદનાં વિશ્વ માટે તૈયારીઓ કરવા માટે શ્રેષ્ઠ-પ્રથાઓ અને અનુભવોનું આદાન-પ્રદાન કરવાની અને આંતરરાષ્ટ્રિય સહકારની જરૂરીયાત પર સંમત થયા હતા.

વડાપ્રધાને લાઓસ સાથે ભારતનાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક જોડાણો પર પ્રકાશ પાડ્યો હતો અને વાટ ફુ પર વર્લ્ડ હેરિટેજ સાઈટનાં પુનઃસ્થાપનમાં સામેલ થવા પર સંતોષ વ્યક્ત કર્યો હતો. લાઓસનાં વડાપ્રધાને ક્ષમતા નિર્માણમાં લાઓસનાં વિકાસ કાર્યક્રમો અને શિષ્યવૃત્તિઓ માટે ભારતની સહાયતા બદલ વડાપ્રધાનનો આભાર માન્યો હતો.

વડાપ્રધાને ભારતનાં બૃહદ પાડોશમાં મૂલ્યવાન સાથીદાર એવા લાઓસ પીપલ્સ ડેમોક્રેટિક રીપબ્લિક સાથે તેની વિકાસ ભાગીદારી ચાલું રાખવાની ભારતની પ્રતિબદ્ધતાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું.

**નવી દિલ્હી**
**જૂન 12, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.